અર્જુનગીતા

અને

ધર્મગીતા.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

શા. ચીમનલાલ લલ્લુભાઈ બુકસેલર.

ઠે. માણેકચોક—અમદાવાદ.

આવૃત્તિ ૭ મી. પ્રત ૪૦૦૦.
સંવત ૧૯૮૨ સને ૧૯૨૬.

શ્રી પ્રજાહિતાર્થ મુદ્રણાલયમાં પટેલ સોમાભાઈ દલપતરામે
છાપી. ઠે. શાહપુર નવીપોળ—અમદાવાદ.

કીમત રૂ. ૦—૧—૦

૧૨૮૩૯

મહાભારત.

વ્યાસ વલ્લભરામ સુરજરામનું બનાવેલું રાગરાગણીવાળું કહેવામાં પંકાએલા વ્યાસ વલ્લભરામની રસિક વાણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે તેમનું રચેલું ભારત અતિ રસિક અને મન વાંચ્છીત ફળ આપનારૂં છે. ઉત્તમ ચિત્રો દાખલા ઇંચ લંબાઇ પહોળાઇ વાલાં ૧૦૩૪ પૃષ્ટનું કદ હોવા છતાં કીંમત રૂ. ૬–૮–૦ પોસ્ટેજ રૂ. ૧–૦–૦ જુદો.

શ્રી ગણેશાય નમઃ

અર્જુનગીતા.

અરજુન ગીતાનો અર્થ એ છે અરજુન તે પાચે પાંડવ માંહેનો એક ભાઈ હતો, તેને શ્રી ભગવાન સંગાથે સગાંઇ તથા મિત્રાચારિ હતી, પછી અરજુન એકદીવસ વડાઈ ઉપર ચઢયો ત્યારે શ્રી ભગવાને કહયું કે ગીતા એટલે જે ધર્મનો મારગ જેથી શુજ પડે તેનો સાર કહી સાંભળાવો ત્યારે શ્રી ભગવાને અરજુનને ગીતા કરિ રાખી ને તેની ગુજરાતી ભાષામાં કવિતા, દોહરા ચોપાઇ કહેલી છે તે લોકોને વાંચવા સારૂ લખી છાપી છે.

શ્રી ગણેશાય નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ શ્રી ગુરૂ પ્રતાપે ગાઇએ, કિરપાતે સાધુ જન. પરિબ્રહ્મ મારો આત્મા. મારૂ મન તે અરજુન; અરજુન સુણો ગીતા સાર પાંડવ માનજો નીરધાર ૧ અરજુને એમજ પુછ્યું, સાંભળો વૈકુંઠરાય; એક સાર ગિતાકહો મને નિજ ભ-

ક્તનો મહિમાય, અરજુન.૨ ત્યારે શ્રી હરિ એમ ઓચ
ર્યાં અર્જુન ધરજો મન, એ સાર ગિતા સાંભળે અવ
તાર તેનો ધન્ય અરજુન. ૩ ચૌદ લોક તે વશ મારે
બ્રહ્માંડ કેરો ભાર: તે ધન્ય મારા દાસને, રાખે રદય મો
ઝાર અરજુન, ૪ જળ મધ્યે જે પદમ છે, તેને સ્પર્શ
નહિ લગાર; ચીન્હ મારા ભક્તનાં, વળશે ન વિષય
વિકાર અરજુન. ૫ સંસારમાં સરસો રહે ને મન મારી
પાસ સંસારમાં લોપાય નહી તે જાણ મારો દાસ. અર-
જુન. ૬ મુજ ભકત તે મુજને ભજે, હૈયે હોય હેત હમે
શ; તો ભક્ત તેને જાણીએ જે કરે ન કોઇને દવેશ અર
જુન. ૭ કરમાંહી તુલશી કરણ તુલશી, કંઠ તુલશીહાર
બહુ તિલક છાપાં શોભતાં, મુજ ભક્તનો શણગાર અ-
રજુન. ૮ મારાં સાધુને જાણે નહિ, પાખંડ પુજે લોક;
જે દંડ આડંબર કરે, તે જાણું સરવે ફોક અરજુન. ૯
ઊતમ વરણ થઈ નહિભજે, ચંડાળ કહિએ તેહ ચંડાળ
થઈ મુજને ભજે તે જાણું મારો દેહ. અરજુન. ૧૦ મુજ
ભક્ત કેરે કારણે, અવતાર લીધા દશ, હું નિરંજનને
નિરકૃતિ મને ભકતે કીધો વસ્ય. અરજુન. ૧૧ વળી
તેનું કરે કારણે હું ગયો વશમે વન;રાવણ મારી રાજ

આપ્યું વીભિષણ રાજન. અરજુન. ૧૨ દુરવાશા ૠષિ
એ હું દુભિયો મુજ આત્મા અમરીખ, ભય ચક્ર મેહે
લિ છેદીયો, મેં ભલિ લગાડી શીખ, અરજુન, ૧૩ બ
ળીરાય મેં બાંધિયો દેવોના કિધિ સાર; પીતળ આ
પ્યું રાયને ત્યાં હું રહયો છડીદાર અરજુન. ૧૪ ગોકુળ
વિષે હું અવતર્યો, શિર પિંછ ધરતો મોર, ખાતો હું
માંખણ તસ્કરિ જગ કહેવાયો ચોર અરજુન. ૧૫ મા
જશોદાજીએ બાંધિઓ હું જોડિ રહયો હાથ; આધિન
થયો તે દાસનો, ચૌદે ભોવનનો નાથ અરજુન. ૧૬ વ
ળી ઇંદ્ર જ્યારે કોપીઓ, ત્યારે કેઇ ન આવ્યું આડ;
ગોકુળ રાખ્યુ રેલતું, ગોપી લડાવ્યા લાડ અરજુન. ૧૭
સોળસે સ્ત્રીઓના હું રમ્યો, મારો કોઈ ન જાણે ભેદ
મારા ભક્ત કેરે કારણે, મને કહે લપટ વેદ અરજુન.
૧૮ વીસિધ્ધિ વાછરૂ હરિ ગયો, તે કરિ ગયો અધર્મ
હું નવા નિવાશી લાવિયો મારો કોઈ ન જાણે મર્મ અ
રજુન ૨૦ વળિ પ્રથમ પોળે પેસતાં પરિયટે દીધિગાળ
મેં મારિને વસ્ત્ર લિધાં, સોહાવિયા ગોવાળ, અરજુન.
૨૧ વળિ ત્યાં આગળ ચાલતાં માલણ લાવિ હાર; મેં
અર્થ શાર્યો વહનો આપ્યાં પદારથ ચાર. અરજુન. ૨૨

વળિ મારગમા નાપીક મળ્યો તે આપ્યું દર્પણ હાથ: પુરયા મનોરથ તે તણા; મેં રાખ્યા મારે સાથ. અરજુન. ૨૩ સંબંધિ જનને જે હણે ચંડાળનો અંશ મારા ભકત કેરે કારણે મેં મારયો મામો કંશ અરજુન. ૨૪ મેં સુધનવા સંતોખીયો, કાગના કારણ કાજ; શંપતિ આપી તેહને નવનિધી સુદ્ધાં રાજ અરજુન. ૨૫ એકવાર વિદુર ઘેર જઇ અભાજીપાન; મેં લાડ પાંજાયસનાં. રાજાના મોડયાં માન. અરજુન ગીરો. ૨૬ કૌરવનું કુળ સંહારીયું મેં સાર્યો તારો અર્થ હું ચઉદ ભુવનનો રાજીયો મેં હાંકયો તારો રથ અરજુન. ૨૭ એકવાર વનમાં હું ગયો ત્યાં વન હતું ઘનઘોર, મેં ભાવ જોયો ભીલડીનો, ખાધાં એઠાં બોર. અરજુન, ૨૮ એમ ઘણા મળિ ગોવાળીયા, રમતા ગયા મહાવન; બહુ ભાવ જોઇ રૂષિ નારનો અમે જાચી લીધાં અન્ન અરજુન. ૨૯ પ્રહલાદ પીતું એ પરભળ્યો મેથંભ પુર્યોવાસ તે દુષ્ટને વિદારીને ઉગારી લધો દાસ અરજુન. ૩૦ વળિ ધરૂવને દુઃખ પમાડિએ, ને કહાડિયો વનવાસ; તે બાળકે મને વશ કરયો ધન્ય ધન્ય મારો દાસ અરજુન, ૩૧ ચંદ્રહાસને હરીચંદ્ર રાજા ભકત મારા તેહ

પડે વીપત પણ નહિ વિસરે, મારા મુગટનામણી એહ અરજુન. ૩૨ જ્યારે સુધનવાને નાંખ્યો તાતે તેલ મ ળતી ઝાળ, મારા દાસને ઉગારિઓ સંભાળતાં તત કાળ અરજુન. ૩૨ ધરૂપદીના પટકુળ કાઢીયાં હું પાસ નહી તે કાળ દાસને વેલા પડી ત્યારે તુર્ત કરી સંભાળ. અરજુન. ૩૪ પંચાળીને જ્યાં પરભવી પાસે હતાપંચ વીર મારા દાસને મેં પુરીયાં નવશે નવાણું ચીર અર જુન. ૩૫ એક કોળીએ કઉતક કિધું ને લીધુ મારૂ રૂપ રાજાની કન્યા પરભવી, પરદલ કોપ્યો ભુપ અરજુન. ૩૬ મેં ત્યાં જઇને શુ કરયું, મારૂ તેજ મુકયું માંય પરદલનો પરાજય કરયો મારૂ બીર્દ પાળ્યું ત્યાંય.અર- જુન૦ ૩૭ અજામેળ તે મહા પાતીક માસીક ગુણકા જેહ જો સ્મરણ કરતાં માહરૂ, વૈકુંઠ પામી તેહ, અરજુ- ન૦ ૩૮ ગજગજને ગ્રાહે ગ્રહો ત્યાં લીધું મારૂ નામ; ત્યાં એક કરતાં બેઉનાં અરજુન સીધ્યાં કામ અરજુન ૩૯ હું ભા ને મારા ભગતમાં અંતર ન હોય લગાર મુજ ભક્તને લેખે નહિ તે ભુલી ભમે સંસાર અરજુન ૪૦ મારા ભક્ત સુખી, તો સુખી હું; દુખી, તો દુખી હું જાણુ; મારા ભક્તને કોઇ પરભવે તો મને લાગેબાણ

અરજુન૦ ૪૨ છે સ્વર્ગ મરત્યુ પાતાળમાં, જળ થળ-માં મારો વાસ; સુણ ઇંદ્રસુત તુજને કહુ, હું થકી અદકો દાસ. અરજુન૦ ૪૩ હું જોગ જગને નહી તપ તીર્થ કે દાન, અરજુન મહીમા જાણજો મારૂ ભક્તથી છે જ્ઞાન. અરજુન૦ ૪૩ હું ભક્તને સંગે કરૂ મને ભ-ક્તનો આધાર અરજુન મહિમા જાણજો કહેતાં ન આ-વે પાર અરજુન૦ ૪૪ હરીભક્ત મહીમા સુણી અર-જુન પામ્યો હરખ અપાર, મુર્છીત થઇ અવની પડયો; નેત્ર વહે જળધાર અરજુન૦ ૪૫ આ ગીતાને જે ગાય નરને નાર અરજુન એવું જાણજો તે પામે પદને નીર-ધાર અરજુન.૪૬ એ ભકતે મહીમા માહરો કોઇ કળ્યો નવ જાય જેનું ભાગ્ય હોય તે અનુભવે ધનદાસે ગીતા ગાય અરજુન૦ ૫૭ ઇતીશ્રી અરજુન ગીતા સંપુર્ણ.

ધર્મગીતા.

શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાય નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ

ચોપાઈ,

પ્રથમ પ્રણમું શ્રી ગુરૂરાય, બેઉ કરજોડી લાગુ પાય, શુદ્ધિ બુદ્ધિ મા કરજો સહાય શેવક જનની પુરો આશાય ૧ કરૂ વીનતિ કરજોડી કરી ધરમ ગીતા કહું વીસ્તારી જુગજીવન કૃપાએ કરી શુભ અશુભ કહું વિસ્તારી ૨ રશનાએ રામ નામજ કહું હરિ નામનો પાર ન લહું; વિષ્ણુ ધરમ કહે છે જેહ સંક્ષેપે બોલો છે તેહ. ૩ હરી ગુણનો મન લહું પાર, માગુ નામ તણો આધાર, નામેથી અધર્મિ તરે, નામે મહા પાપી ઓધરે ૪

દુહો.

સહસ્ત્ર ફેણુ છે શેષને રશના શહસ્ત્ર મુખમાંહે અ-
નેક જુગ લગી તેજ તપે, તોએ નરિ હરિ સ્વપ્નામાંહે
૫ શંરદ કહે કેમ વરણવું જે મુખ રશના એક અણુ-
વીચારથી ચાલશુ વળી નવ રહુ વિવેક, ૬ ભોળેભાવ
હું કહુ ગોવીંદના ગુણ સાર થોડી સેવા બહુ ફળે જો
દયા કરે ગોપાળ પુરૂષે જે ધર્મ રાજા કહે દે સેવકને
ઉપદેશ; કથા શ્રવણે સાંભળે હે મરવ હું બોલેશ.

ધર્મ વચન—ચોપાઈ.

કહે ધરમ સેવક સાંભળો આજ્ઞા માગી વેહેરા પળો,
મ્રત્ય લોક જાહો વેગ કરિ દુષ્ટ આત્માને લાવો હરિ ૯
હરિ ભક્ત હોએ નિરધાર, તેને નવ દુખ ધરશો લગાર
તે નર વઇકુઠ પામશે, તો નવ જાશો તેણી દીસે ૧૦
કહે વિતિ આસાર, એક ઉપજ્યો વિચાર, હરિજન તે
કેમ જાણે ત્યારે ધરમરાય વાણી ભણે ૧૧ પ્રથમ કરે
બ્રાહ્મણની શેવ જેજે નારાયણ દેવ, વચન વીપ્રનું ચીત
ધરે, તે ઉપર અતિ આદર કરે ૧૨ જેને હરિ સાથે છે
સ્નેહ. ભક્તિ લક્ષણ કહિએ તેહ પતીવ્રતા જેને ઘેર

નાર સતવાદી જેનો વીચાર.૧૩ ભુખ્યાને સંતોશે જેહ ભક્તિ લક્ષણ તો કહીએ તેહ.ગોવણી જે કરે સેવ, મંદીરમાં પુજે શીવ દેવ. ૧૪ દવારીકા નર જાવે જેહ, ભક્તિલક્ષણમાં મારગ તેહ શેવેસારદ્વા જે શાલીગરામ એકે મને લે હરીનુ નામ, ગોપીચંદન નવ લજા જેહ, ભક્તિ લક્ષણ તો કહીએ તેહ. ૧૫ તીલક ધરે હરી ચંદન સાર ચારણોદકપર પ્રીત અપાર, હરી કીરતન શુ રાખે નેહ ભક્તિ લક્ષણ જાણી તેહ. ૧૬ જે બ્રાહ્મણ પાળે ખટ કર્મ, એકે મને આરાધે કર્મ સદાકાળ સંતોષી જેહ,ભકતી લક્ષણ કહીએ તેહ. ૧૭ શહસ્ત્ર નામ જે નિત્યે ભણે, વેદના મારમ શ્રવણે સુણે; વેદ વિચાર કહે નર જેહ ભકતી લક્ષણ કહીએ તેહ.૧૮ પરનારીનો સંગ નવકરે,પરનીંદા મુખે નવ ઓચરે પરદુખને વળી ભાગે જેહ ભકતી લક્ષણનો મારગ તેહ.૧૯ ક્રોધ લોભને છોડી સંગ તત્વ રાગતો જાણવા રંગ મીથ્યા મોહને જાણે જેહ, ભકતી લક્ષણ કહીએ તેહ. ૨૦ પાંચે ઇંદ્રી વશ કરે સત્ય વદી સુખ દુખ નવ ધરે; સાધુ પુરૂષને સેવે જેહ ભકતી લક્ષણ કહાએ ભણીએ તેહ. ૨૧ કોમળ સરખી વાણી ઓચરે ધર્મ પુરૂષની સંગત કરે ક્ષમા

વંત નર હોએ જેહ ભકતીલક્ષણ કહીએ તેહ. ૨૨ ધન જોબનનો ગરવ ન ધરે માત પીતાની સેવા કરે. ગુણ ગોવીંદના ગાયે જેહ ભકતી લક્ષણ કહીએ તેહ. ૨૩ એ કાદશી વરત કરે અપવાસ હરીગુણ ગાતાં ઉલ્હાસ દેહ દમન કરે નર જેહ ભકતી લક્ષણ કહીએ તેહ. ૨૫ જે કોઇ લીએ હરીનું નામ પ્રભુ પ્રત્યે કરે દંડ પ્રણામ; હરી નામે આનંદ જેહ ભકતી લક્ષણ કહીએ તેહ. ૨૬ પુરવ પુન્યનોએ વહેવાર અનેક ગુણનો નાવેપાર.જેના રૂદેમાં રામનો વાસ ધરમ કહે હું તેમતો દાસ.૨૭ સત્ય વચનમાનો નિરધાર રખે મદ કરતા લગાર. ૨૮.

દુતવચન દુહો

કહે શેવક તમે હરિભકત તેનાં કહ્યાં, કહો તે તણાં એધાણ પુછુંછું અતીઆદર હરી હવે લાવુ હું કોણ ૨૯

ધર્મ--વચન--ચોપાઈ.

પ્રથમ આપે નહી જે દાન. વિપ્રનુકરે જે અપમાન ગુરૂ વચન લોપે નર જેહ.નિકટ બંધન કરિ લાવો તેહ ૩૦ જન્મ લગી અનર્થ આચરે, સારે મારગે નહિ સં-

ચરે. આતમઘાત કરે નર જેહ નીકટબંધન કરિ લાવો તેહ. ૩૧ નવદયા જીવનિ હિંસા કરે દયા મેહેર રૂદેનવ ધરે, પંખી પાંખ છેદે નરજેહ, નિકટ બંધન કરી લાવો તેહ ૩૨ પશુ તણી જે બાહે ચાર, વરક્ષને છેદે તતકાળ કન્યાદ્રવ્ય લીએનર જેહ નિકટ બંધન કરીલાવો તેહ. ૩૩ નવાણુ તણા જે જન લે દામ પર દ્રવ્ય ઉપર જેને હામ,પરનારીને ઇચ્છે જેહ, નીટકબંધ કરી લાવો તેહ. ૩૪ ગૌ પારણનો આણે દ્રોહ, માત પિતાને કરે ાવછોહ સરવ પાપી નર હોએ જેહ નિંકટ બંધન કરી લાવો તેહઃ ૩૫ હરી કથા ચીત નવ ધરે વેદ શાસ્ત્રની નિંદા કરે;દેવ તીરથ માને નહીજેહ;નીકટબંધન કરી લાવો તેહ. ૩૬ હરીને દેછે જે અપમાન ડાહ્યાને જે કહે અજ્ઞાન;પરનિંદા કરે નર જેહ નિકટ બંધન કરી લાવો તેહ. ૩૭ પાણીદાન લીએ નર જેહ હરીવશે અંન આરોગે તેહ.બ્રાહ્મણને માન નહી જેહ નીકટ બંધન કરીલાવો તેહ. ૩૮ સહોદરને જે પરહરે વેસ્યા સાથે ભ્રમનજ કરે કુમતી નર હોએ જેહ,નિકટ બંધન કરી લાવોતેહ ૩૯ જુઠી શાખ જુઠુ ઓચરે સરોવર ભાગે પાપજ કરે. ગાયના ગોચર ભાગે જેહ નિકટ બંધન કરી લાવો તેહ

૪૦ જેને જે મંત્ર નવ ઘટે તે મંત્ર લેવા ઉલટે કરોધવંત નર હોએ જેહ. નીકટ બંધન કરીલાંવો તેહ ૪૧ ધરમ વચન કહેતે સાર દુત મન આનંદ અપાર કહો જઇ રહીએ અમો ખુલાસો અમને બતલાવો તમો ૪૨ નારી જે દંભ આચરે; સ્વામીની સેવા નવ કરે કુટુબને નહી માને જેહ દુતો ઘર તમારૂં તેહ.૪૩ કેશ મોકળે દોડે નાર ભેદ કરતાં નહી વીચાર વસ્ત્ર શીશ નવ ઢાંકે જેહ દુત ઘર તમારૂં તેહ ૪૪ ભગની દામ જેવાપરે ભજન પાખે રૂદનજ કરે ભાગે માંપે સુણ નર જેહ દુતો ઘર તમારૂં તેહ ૪૫ કલાલ ખાનાને આગણે રેહે પડોશ ચામારજ તણે નીલકુટનનો ઘરપાસ, દુવા તહાં તમારો વાપ્ત૪૬ મંત્ર સાધવા જાય મસાણ રોકે વરક્ષ તમારો પ્રમાણ વતી તરસુદ્ધ હોએ જાંતો તમે વસજો ત્યાંતાં ૪૭ ખડવાશ હોએ જ્યાંહાં ગામ વળા અપવિત્ર કરો ઠામ. વળી ચઉટ્ટ હોએજહા દુતો ત્યાંજઈ જઈ કરજોપ્રમાણ ૪૮ ગામ ઉપર ચડાવ જેહ દુત ક્રીડાશું રાખે તેહ લીલ વસ્ત્ર કરે જે ઠામ દુતો જઇ ત્યાં કરો મુકામ,૪૯ કલેશ કરે જે નરને નાર ધર્મ નવ ગણે લગાર, રાત દીવસ વિચારે વેર; દુતો રહેજો તેને ઘેર ૫૦ પુરૂષ ઉભોને

બેઠા નાર પારકા ઘરનો કરે વિચાર અણુઘટતુ બોલ-
આંળ, દુતો રહેજો તેની પરસાળ ૫૧ સાસુ સાથે જે
વહુ લડે નીત જે નણદીને નડે દુરવાકય બોલે વચન
તેના ઘરનું હરજારે ધન. ૫૨ ઉકરડે નાંખે જે અન્નને
પેખે બીલાડી જનં રવી આથમે વાશીદુ કરે,જેનુ ઘર
રખે વીસરે, ૫૩ જેકો પુછીને ખાએ અંન, અંનદેવને
કરે અપમાન, ધીક ધીક જે અકને કરે તેહેનુંઘરવીસરે
નહી ૫૪ અણુગાળ્યું જે નીર વાપરે ધુમાંડાંના જાળાં
બહુ કરે બેઉ હાથ માથુ જે ગરવડે, તેને ઘેર ઓચીતા
પડે પાપધરમા ભારનહી લગાર [illegible] ..ર
કરોળીયા અને ગંદકી ઘણી [illegible] ઘરના થાજો
ધણી ૫૬ વહુ સાચાને બોલે આળ દુંકારે બોલાવેનાર
સસરાને દેખી નવ ઢાંકે શીર તેના ઘરમાં પાડજો ચીસ
૫૬ ધરમ વચન કહયાં જે સાર, દુતમન અનંતઅપાર
ઉતમ કથા જમ ગીતા જેહ, હરી ભકતને વલ્લભ તેહ
૫૮ એક કથા જે નીત્યે ભણે દુત નહિ તેને આંગણે
શ્રવણ કરે જે એક મન સ્વર્ગ લોક પામે તે જન ૬૯.

ઇતિશ્રી ધર્મ ગીતા સંપુર્ણ.

સમાપ્ત.